અપીલ અરજી નં.૧૧૫ તા.૨૨–૭–૦૯/૧૦

અરજદારઃ– શ્રી રમીલાબેન સીતારામભાઈ પટેલ
સામાવાળાઃ–ડાયરેકટર ઓફ પ્લાનીંગ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ)

## ફરીયાદની હકીકતઃ–

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમીલાબેન સીતારામભાઈ પટેલની આઈ ડી નં.૨૮૪ સેન્ટ્રલ ઝોનને તથા આઈ ડી. નં.૮૦ લીંબાયતઝોનને તા.૧૭–૬–૦૯ ના રોજ કરેલી અરજીથી ડીંડોલી સીટી સુરત રે.સ. નં.૧૩૧/૨, ૧૭૮/૧,૧૮૨/૨ ૧૮૨ તથા બ્લોક નં.૨૮૨ વાળી જમીન અંગે તા.૩–૧–૦૯ ના રોજ અમો અરજદારે લીંબાયતઝોન અને ઉધના લીંબાયતઝોનમાં પેમેન્ટ ન ચૂકવવા બાબત વાંધા અરજી આપેલ અને પેમેન્ટ ચૂકવતાં પહેલા અમો અરજદારની મંજુરી તથા રૂબરૂ જવાબ લેવા જણાવેલ જે તે અંગે કોઈ કાર્યવાહી થઈ હોય તો તેની માહિતી જણાવશો તથા પેમેન્ટની વિગતો આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૨–૭–'૦૯ ની અપીલ અરજી નં.૧૧૫/૨૦૦૯–૧૦

શ્રી રમીલાબેન સીતારામભાઈ પટેલની આઈ ડી નં.૨૮૪ સેન્ટ્રલ ઝોનને તથા આઈ ડી. નં.૮૦ લીંબાયતઝોનને તા.૧૭–૬–૦૯ ના રોજ કરેલી અરજીથી ડીંડોલી સીટી સુરત રે.સ. નં.૧૩૧/૨, ૧૭૮/૧,૧૮૨/૨ ૧૮૨ તથા બ્લોક નં.૨૮૨ વાળી જમીન અંગે તા.૩–૧–૦૯ ના રોજ અમો અરજદારે લીંબાયતઝોન અને ઉધના લીંબાયતઝોનમાં પેમેન્ટ ન ચૂકવવા બાબત વાંધા અરજી આપેલ અને પેમેન્ટ ચૂકવતાં પહેલા અમો અરજદારની મંજુરી તથા રૂબરૂ જવાબ લેવા જણાવેલ જે તે અંગે કોઈ કાર્યવાહી થઈ હોય તો તેની માહિતી જણાવશો તથા પેમેન્ટની વિગતો આપવા બાબતે નિયત સમય મર્યાદામાં નહી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૫૨ તા.૩૦–૭–૦૯ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.પરંતુ મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન ધ્વારા પત્ર નં.૯૨૨ તા.૨૪–૬–૦૯ થી સદર અરજી નગર નિયોજકને તબદીલ કર્યાની તથા પત્ર નં.૩૨૨ તા.૧૮–૬–૦૯ થી કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને તબદીલ કર્યાની તેમજ કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોન ધ્વારા તા.૨૨–૬–૦૯ ના રોજ નગર નિયોજકને તબદીલ કર્યાની નકલો લાગત ખાતા તરફથી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડાયરેકટર ઓફ પ્લાનીંગના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૧૩૩તા.૧૮–૭–૦૯ થી અરજદારને પાઠવેલ પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૧૭–૬–૦૯ની અરજીથી ડીંડોલી સીટી સુરત રે.સ. નં.૧૩૧/૨, ૧૭૮/૧,૧૮૨/૨ ૧૮૨ તથા બ્લોક નં.૨૮૨ વાળી જમીન અંગે તા.૩–૧–૦૯ ના રોજ અમો અરજદારે લીંબાયતઝોન અને ઉધના લીંબાયતઝોનમાં પેમેન્ટ ન ચૂકવવા બાબત વાંધા અરજી આપેલ અને પેમેન્ટ ચૂકવતાં પહેલા અમો અરજદારની મંજુરી તથા રૂબરૂ જવાબ લેવા જણાવેલ જે તે અંગે કોઈ કાર્યવાહી થઈ હોય તો તેની માહિતી જણાવશો તથા પેમેન્ટની વિગતો માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૧૩૩ તા.૧૮–૭–૦૯ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં મોજે ડીંડોલી બ્લોક નં.૨૮૨ વાળી મિલ્કત પૈકીવાળી જગ્યાનાસંપાદન બાબતે તા.૩–૧–૦૯ ના રોજ કરેલ વાંધા અરજી અન્વયે સદર જમીનના વણવહેચાયેલ હિસ્સાની તકરાર બાબતે સહ માલિકો ઠાકોરભાઈ નગીનભાઈ તથા છગનભાઈ નગીનભાઈના વળતર હિસ્સામાંથી ૨૦% રકમ સદર વિવાદીત જમીનના કોર્ટમાં ચાલતા દાવા પ્રકરણોનો નિકાલ ન આવે ત્યાં સુધી સીકયુરીટી તરીકે અત્રેની કચેરીએ જમાં રાખવામાં આવેલ અને તે મુજબ તકેદારી રાખીમોજે ડીંડોલી, બ્લોક નં.૨૮૨ પૈકીવાળી જગ્યાનો દસ્તાવેજ તા.૮–૪–૦૯ ના રોજ સુરત મહાનગરપાલિકા તરીકે કરાવી લેવામાં આવેલ. જે મુજબ કરવામાં આવેલ પેમેન્ટની તમામ વિગતોનો નકલ નિયત રૂા.૨/– પ્રતિ પાના લેખે કુલ ૨ પાનાના કુલ રૂા.૪/– જમાં કરાવી માહિતી મેળવી લેવા નિયત સમય અવધિ બાદ જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારીએ માહિતી પૂરી પાડવાની તૈયારી દર્શાવેલ છે પરંતુ અરજદારે માહિતી મેળવેલ હોય તેવું જણાતું નથી.

## <u>હુકમ</u>

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.ટીપીડી/આરટીઆઈ/૧૩૩ તા.૧૮–૭–૦૯ થી અરજદારને પેમેન્ટની વિગતો નિયત દસ્તાવેજ ફી રૂા.૪/– ભરી પૂરી પાડવાની તૈયારી આરટીઆઈ એકટની કલમ–૭(૧) સાથે ૭(૩) થી ઠરાવેલ સમય અવધિ બાદની હોઈ નહીં પૂરી પાડેલ સદર માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮ – ૦૯

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ )…. જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમીલાબેન સીતારામભાઈ પટેલ,